# પ્રકરણ- ૧૩

# (નિયમ સંગ્રહ-૧૨)

## સહાયકી કાર્યક્રમના અમલ અંગેની પધ્ધતિ:

| ક્રમ | વિગત | તાલીમ/ ધિરાણ/સહાયકી કાર્યક્રમની વિગત | |
|---|---|---|---|
| | | બેન્કેબલ યોજના | સીધા ધિરાણ સહાયિત યોજના |
| ૧ | સમયગાળો | સતત ચાલુ વર્ષ દરમ્યાન સતત ચાલુ યોજના | જાહેરાત આપી સમય મર્યાદામાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. |
| ૨ | ઉદ્દેશ | રા.કૃત બેંકો મારફત ધિરાણ અપાવી રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં ધિરાણના વધુમાં વધુ ૫૦% ના ધોરણે સહાય (સબસીડી) આપી નાના વ્યવસાયોમાં સ્વરોજગારી અપાવી આર્થિક રીતે પગભર કરવાનો | મોટા પાયાના તથા માઈક્રોક્રેડિટ ટાઈપના નાના ધંધા વ્યવસાય અંગે સીધુ ધિરાણ આપી સમાજમાં માનભર્યું જીવન ગુજારે તે રીતે પગભર બનાવવાનો |
| ૩ | ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો | ૫,૦૦૦ | રાજ્ય સરકાર દ્વારા મંજુર થાય તે મુજબ |
| ૪ | આવક મર્યાદા | શહેરી વિસ્તાર માટે- રૂ. ૧,૫૦,૦૦૦/-<br>ગ્રામ્ય વિસ્તાર માટે- રૂ. ૧,૨૦,૦૦૦/- | રૂ. ૬,૦૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૫ | લાભાર્થીની પાત્રતા | ૧. અરજદાર અનુસૂચિત જાતિના વ્યક્તિ અને ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.<br>૨.અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.<br>૩.અરજદાર ગ્રામ્ય વિસ્તાર માટે ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦/-ની આવક મર્યાદામાં આવવા જોઈએ.<br>૪. અરજદાર ધંધો કરવા શક્તિમાન હોવા જોઈએ અને તેમજ સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર ન હોવા જોઈએ.<br>૫. અરજદાર કે તેના કુટુંબનો કોઈ સભ્ય સરકારમાં અથવા રાજ્ય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં નોકરી કરતા ન હોવા જોઈએ. | ૧. અરજદાર અનુસૂચિત જાતિના વ્યક્તિ અને ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.<br>૨. અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.<br>૩. અરજદાર ૬,૦૦,૦૦૦/- આવક મર્યાદામાં આવવા જોઈએ.<br>૪. અરજદાર ધંધો કરવા શક્તિમાન હોવા જોઈએ અને તેમજ સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર ન હોવા જોઈએ.<br>૫. અરજદાર કે તેના કુટુંબનો કોઈ સભ્ય સરકારમાં અથવા રાજ્ય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં |
| ૬ | લાભ અંગેની પૂર્વ જરૂરિયાત | નિયત લોન અરજી ફોર્મમાં અરજી કરવાની રહે છે. ફોર્મ જિલ્લા કચેરીએથી ઉપલબ્ધ થાય છે. | યોજના મંજુર થયેથી જાહેરાત આવ્યેથી અરજદારશ્રીએ નિગમની વેબ સાઇટ પર ઓન-લાઇન અરજી કરવાની રહે છે. |
| ૭ | કાર્યક્રમાં આપેલ લાભની વિગતો | - | - |
| ૮ | સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | નિયત લોન અરજીફોર્મમાં અરજી મળેથી જરૂરી ચકાસણી કર્યા બાદ પાત્ર ઠરતાં રા.કૃત બેંકને ભલામણ સહ મોકલવામાં આવે છે અને ધિરાણ ઉપલબ્ધ થયે નિગમની જિલ્લા કચેરી ખાતેથી સબસીડીની દરખાસ્ત મળતાં ગ્રાંટ ઉપલબ્ધીને ધ્યાને રાખી સહાય લાભાર્થીના ખાતામાં જમા આપવામાં આવે છે. | ઓન-લાઇન મળેલ અરજીઓ માંથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો દ્વારા લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. પસંદગી પામેલ લાભાર્થીઓ પૈકી નિગમની જરૂરીયાત મુજબના દસ્તાવેજી કરણ પૂર્ણ કરનાર લાભાર્થીને ધિરાણ કરવામાં આવે છે. |
| ૯ | અરજી ક્યા કરવી | તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીને અથવા જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રીને | નિગમની વેબસાઇટ પર ઓન-લાઇન |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો | તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરિક્ષકશ્રીનો અને જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રી અથવા હાજર સ્ટાફનો | અરજદાર ઓન-લાઇન અરજી કરી શકે છે. |
| ૧૧ | અરજી ફી | અરજી ફી નથી | અરજી ફી નથી |
| ૧૨ | અરજીપત્રકનો નમુનો | નિયત નમુના મુજબ (બીડેલ છે) | ઓન-લાઇન અરજી કરવાની થાય છે. |
| ૧૩ | બિડાણોની યાદી | આવક અને જાતિનો દાખલો, અનુભવનું પ્રમાણપત્ર, ભાવપત્રક, રેશનકોર્ડની નકલ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આધારકાર્ડ, જન્મનો દાખલો | આવક અને જાતિનો, રહેઠાણનો દાખલો, રેશન કાર્ડની નકલ, ભાવપત્રક, તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આધારકાર્ડ, જન્મનો દાખલો, જાહેરાતમાં દર્શાવ્યા મુજબ સંબંધિત યોજના અન્વયે પ્રમાણપત્ર |
| ૧૪ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો | તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીનો અને જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રી અથવા હાજર સ્ટાફનો | જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રી અથવા હાજર સ્ટાફનો |
| ૧૫ | લાભાર્થીઓની યાદી (માત્ર સંખ્યામાં) | સંબંધિત જિલ્લા કક્ષાએ જિલ્લા કચેરીમાં ઉપલબ્ધ થઈ શકશે. | સંબંધિત જિલ્લા કક્ષાએ જિલ્લા કચેરીમાં ઉપલબ્ધ થઈ શકશે. |